જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૧૧/૨૦૧૮ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-    સમાચાર યાદી નં.૨૧૫૭/૧૮

## L.P.G સીલીન્ડરમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ રામોલ પોલીસે રૂપિયા ૧૮,૮૦૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો.

મે.પો.કમી.શ્રી અ'વાદ શહેર તથા અધીક પો.કમી. શ્રી સેક્ટર-૨ સાહેબની સુચના તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તરફથી મળેલ સુચના તેમજ અમોએ કરેલ સુચના આધારે આગામી દિવાળીના તહેવાર અનુસંધાને પો.સ્ટેશન વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ કરી પ્રોહીબીશનને લગતી પ્રવૃતિને સંદતર નેસ્ત નાબુદ કરવા સારુ સુચના કરેલ હોય જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓ સ્ટાફના માણસોની સાથે પેટ્રોલીગમાં નિકળેલ અને ફરતા ફરતા કલાક ૨૦/૦૦ વાગે ગોપી ડેરી પાસે આવતા પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓને ખાનગી બાતમી હકીકત મળેલ કે મ.નં.૨૨ ભગવતીનગર ગોપીડેરી પાસે રામોલ ખાતે રહેતો જગદીશભાઈ દશરથભાઈ પટેલ નામનો માણસ પોતાના ઘરમા ભારત ગેસના બાટલાની અંદર કેટલોક ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ બીયરનો જથ્થો રાખી તેના મળતીયા માણસ સાથે દીવાળીના તહેવાર અનુસંધાને વેચાણ કરવાની ફીરાકમા છે જે બાતમી હકીકત આધારે તેઓએ બે પંચોના માણસો સાથે રેડ કરતા

આરોપીઓ:- (૧) જગદીશભાઈ દશરથભાઈ પટેલ ઉવ:૪૬ રહે:૨૨ ભગવતીનગર ગોપીડેરી પાસે મહાદેવનગર વસ્ત્રાલ રોડ રામોલ અમદાવાદ શહેર
નં.(૨) ભાવેશ રાજેશભાઈ પંચાલ ઉવ:૨૨ રહે:સુરભી પાર્ક મહાદેવનગર વસ્ત્રાલ રોડ રામોલ અમદાવાદ શહેર

નાઓના રહેણાંક મકાનમાં પ્લાસ્ટીકના થેલામાં બે ગેસના બાટલા મળી આવેલ જે બાટલાને ઉંધા કરતા બન્ને બાટલા નીચેથી કાપી નાખેલ જેમાંથી ઇગ્લીંશ દારૂની બોટલ નંગ-૧૦ તથા બીયર નંગ:૮૮ મળી કુલ્લે ૧૮૮૦૦/- તથા ભારત ગેસના બાટલા નંગ:૨ કીમત રૂપીયા ૦૦/૦૦ ગણી કુલ્લે રૂપીયા ૧૮૮૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓને તા.૦૩/૧૧/૧૮ ના કલાક ૨૧/૧૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**** બાપુનગર નગર પોલીસ સ્ટેશન ****
**અમદાવાદ શહેર**

---

*** પાસા હુકમની બજવણી બાબત. ***

પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશરશ્રી " એચ" ડીવીઝન સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ શરીર સંબંધી ગુનાઓ બનતા અટકાવવા સારુ અસરકારક પગલાં લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઇન્સ્પેકટર શ્રી એચ.બી.ચૌધરી બાપુનગર પો.સ્ટે.અમદાવાદ શહેર તથા સ્ટાફના માણસોએ બાપુનગર વિસ્તારમાં રહેતા <u>મોહમંદ આરીફ સ/ઓ અબ્દુલ કરીમ ભાડભુજા (ભુરજી) ઉવ.૩૨ રહે. મ.નં.૨૧૩, મણીલાલ મથુરદાસની ચાલી પન્ના એસ્ટેટ પાસે બાપુનગર અમદાવાદ શહેર</u> નાનો શરીર સંબંધી ગુનાઓ કરવાની પ્રવૃતિ સાથે સંકળાયેલ હોય તેના વિરુધ્ધમાં દાખલ થયેલ ગુનાઓ સબબ પુરાવા એકત્રિત કરી પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી સમક્ષ સાદર કરતાં તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૧૦૫૪/૨૦૧૮ તા.૦૩।૧૧।૨૦૧૮ અન્વયે હુકમ કરતાં મજકુર પાસા અટકાયતિને આજરોજ તા।૦૩।૧૧।૧૮ ના કલાક ૨૨.૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી " વડોદરા જેલ" ખાતે પાસા અટકાયતિને જરુરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે. તા.૦૩।૧૧।૧૮

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.